બકુલમાળા.

ગુજરાતી આનામાળા.

દ્વિતીય પુષ્પ.

અર્પણ પત્રિકા.

ઉપવન રૂડાં સાહિત્યનાં, ત્યાંથી વિણ્યાં રસથી ભર્યાં;
ફુલડાં મધુર બકુલનાં, તે આજ તમ પાયે ધર્યાં.
એ સેવનાં અંતર તણો, સજ્જન ! અહો ! સત્કારશો;
સત્કારના ઉપકારથી, રૂણી અધિક બનાવશો.

પ્રકાશક
દવે નાનાલાલ ડાહ્યાભાઈ,
આણંદ

રીચીરોડના પુલ નીચે શ્રી જૈન વિદ્યાવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં
શા. ચુનીલાલ અમથાશાએ છાપી.
અમદાવાદ.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

" વિજ્ઞપ્તિ. "

વડીલ ગૃહસ્થો અને બંધુઓ. ! !

દ્વિતીય બકુલપુષ્પે આપની સન્મુખ દર્શન આપ્યું છે, જે જોતાં આપને ખાત્રી થશે કે પ્રથમ પુષ્પ કરતાં આ દ્વિતીય પુષ્પમાં ઘણોજ સુધારો કરી તેને ઉત્તમ બોધક વાર્તાઓથી ચિતાકર્ષક બનાવવામાં આવ્યો છે. પ્રથમ પ્રયાસમાં અમોને ઘણીજ અગવડતાઓ નડી હતી જેથી તેને માટે અમો જન સમાજની રૂચી અનુસાર યથાશક્તિ સેવા બજાવી શકયા નહોતા. દીન પ્રતી દીન તેને સર્વોત્તમ બનાવવાને અમો બનતો પ્રયાસ કરતા રહીશું. છતાં સુજ્ઞ સજ્જનો પોતાની ફરજ બજાવી, આ નવીન સંસ્થાને બનતી મદદ આપી ઉચ્ચ સ્થાને વિરાજીત કરવા કોશેશ કરશે એવી આશા છે.

આ અમારો પ્રથમ પ્રયાસ હોવાથી બકુલપુષ્પમાં જે જે કંઇક ભુલચુક જણાય તે કૃપા કરી દર ગુજર કરશો અને તેને માટે યોગ્ય સલાહ આપશોજી એજ વિનંતી.

લી. આપનો સ્નેહાધીન.

વ્યવસ્થાપક " બકુલમાળા " આણંદ.

વર્ષના ગ્રહાકોને રૂ. ૧) લવાજમ પોસ્ટેજ સાથે.

☞ શાર્દૂલ. ☜

વિણી કોમળ સુરભીમય અતિ પુષ્પો મહાશાન્તિદા,
ગુંથી તેની અનુપમુદ પ્રદશીમાળા અહો ! શારદા.
અર્પે સ્નેહ થકી અતિ રસવતી માળાજ એ બાળા ને,
હર્ષેશાં રસ બાળ સત્વર ગૃહિ કંઠે ધરે માળને.

કોકીલ.

મ્હારી વાસંતી.

(રાહ ઝીણા ઝરમર વરસે મેહ.)

ફુલી ફાલી મધુરી સુરવેલ,
હો બ્હેની ! મ્હારી વાસંતી;
શુદ્ધ સ્નેહભરી ઝુલે સુરવેલ,
હો બ્હેની ! મ્હારી વાસંમી. ૧

શાન્તિ સમિર વરસાવતા,
અને ભ્રાન્તિ હરે દુઃખ દેણુરે;
શાન્તિ સુધારસ સિંચતી,
ખિલી ચંદ્રિકા વેલ તણી બ્હેન;
હો બ્હેની ! મ્હારી વાસંતી. ૨

શાન્તિ વરસાવે મ્હારી વેલડી,
ધીરે ઝુલાવી પર્ણતણી પાંખરે:
શાન્તિ ઝરે શુભ પુષ્પથી,
ભરે શાન્તિથી સ્નેહભીની આંખ;
હો બ્હેની ! મ્હારી વાસંતી. ૩

અમૃત મય મુજવેલના,
સુર સૌન્દર્યે કુંજ આ સોહાયરે;
અમૃતરસે ઉર ભીંજવે,
એવી શીળી મુજ વેલતણી છાંય;
હો બ્હેની ! મ્હારી વાસંતી. ૪

મીઠી અનેરી દીવ્ય વાસથી,
કરે ઘેલાં આ ભૃંગતણાં વૃંદરે;
ઘેલું બને મુજ ઉર આ,
ઝુલે ઝુલે આનંદે મંદ મંદ;
હો બ્હેની ! મ્હારી વાસંતી. ૫

'કોકિલ.'

" રસીકચંદ્ર. "

એક સંસારી બોધદાયક નવલકથા.

(લેખક:—દવે ચિત્રકાર. આણંદ.)

પૂર્ણીમાના દિવસે ચંદ્ર રશ્મિ શુભ્ર પ્રકાશ રેલાવે છે. રજનીનાથ ચંદ્રમા તારાઓના સમૂહથી પરીવિષ્ટિત છે. વાયુ મન્દમન્દ વાય છે. આનંદની લહરી ઉભરાય છે. આ સમયે નર્મદાના વિશાળ તૃટપર કેટલીક નૌકાઓ આમતેમ ફરતી, તથા કેટલીક થોભેલી, દષ્ટીગોચર થવા લાગી છે. નૌકાઓનાં દીપક પ્રકાશિત થયા છે. પ્રકાશનું પ્રતિબીમ્બ નર્મદાના પવિત્ર જળપર પડતું અને અતિવેગથી જતી નૌકાઓ સાથે તે જળપર સરવા લાગ્યું જેથી પાણીમાં જાણે અગ્નીદેવજ વિહાર કરતા હોય એમ ભાસતું હતું.

શું ચમત્કાર ! જળ અને અગ્નિ એ ઉભય પ્રતિપક્ષી પદાર્થોનો અપૂર્વ અને અદ્ભૂત સંયોગ ખરેખર આ નર્મદાના તૃટપર રમતી અત્યંત શાન્ત અને સૌમ્ય ચંદ્રપ્રભાથી શો અપૂર્વ દેખાવ થઇ રહ્યો હતો.

એવામાં સામેથી એક હલેસાં ખાતી નૌકા પ્રેમી દંપતી યુગલને લઇને કીનારા તરફ આવતું જણાતું હતું. ઉભય સૃષ્ટિ સૌન્દર્યનું નિરીક્ષણુ કરતું કીનારા નજીક આવ્યું. માછીએ (હો-ડીને માલીક) ઉતારૂઓને ચઢવા ઉતરવાને માટે લાકડાંના બાંધેલા ડક્કા તરફ નૌકા લીધી, નૌકા થોભી એટલે ઉભય દંપતિએ એક બીજાને હાથ પકડી ઉતરવાને તૈયારી કરી. સાયંકાળ થઇ ગયેલો હોવાથી નર્મદાની ભરતીઓટને લીધે નૌકા ડોલવા લાગી, જેથી કોમળાંગી બાળાને નૌકામાંથી ડક્કા ઉપર ઉતરવાની હીંમત ચાલી નહિ. ઘણા પ્રયત્નો કર્યા, પતીએ ત્હેને ઘણી હીંમત આપી; પણ ના હિંમત બાળાથી જરાપણ ઉતરવાને પ્રયત્ન થઇ શકયો નહિ. હંકારાઓએ ત્હેને પોતાની ખાંધ ઉપર બેસી ઉતરવા ઘણું સમ-જાવ્યું, છતાં પતિવૃત સંકોચને લીધે તે પણ ત્હેનાથી માન્ય રાખી શકાયું નહિ.

રકઝક કરતાં રાત પડી ગઇ. જેથી બળાત્કારે પતિએ ત્હેનો હાથ પકડી કીનારા ઉપર ઉતરવાને કહ્યું. અને હોડી ડોલે નહીં તે સારૂ માછીઓને બન્ને બાજુથી હોડી પકડી રાખવા સુચના કરી. અત્યંત વિહવળ સ્થિતિની ગભરાયલી બાળા ધ્રૂજતે પગે ઉભી થઇ. પોતાના પતિનો હાથ પકડી ડક્કાના ફૂટબોર્ડ ઉપર, પગ મૂ-કવા પ્રયત્ન કર્યો. પગમાં ઇગ્લીશ બૂટ પ્હેરેલા હોવાથી, ત્હેનો ધ્રૂજતો પગ ફુટબોર્ડ ઉપરથી ખસી ગયો, જેથી બાળા એકદમ પાણીમાં પડી. આ જગોએ પાણી ઘૂંટણ સમાજ હતાં. તેથી કાંઇ વધુ ગભરાવા જેવું ન્હોતું. પણ ત્હેના તમામ વસ્ત્રો પાણીથી ભીં-જાઇ ગયાં, અને કેટલોક ભાગ કાદવથી ખરડાઇ ગયો.

પતિએ મૃદુહાસ્ય કરી બાળાને હીમ્મત આપી. " ધીરજ

ધરો, ગભરાશો નહીં, હવે સહેલાઇથી ઉપર આવી શકાશે.” પતિની હાસ્યપ્રદ વાણીથી બાળા શરમાઇ નીચું જોઇ રહી. લજ્જાયુક્ત ચહેરે સહજ મુખ મલકાવ્યું, જેથી પતિએ જરા મશ્કરી કરી. “ ખરેખર ! સ્ત્રીઓનાં હૃદય બહુજ પોચાં હોય છે, તે મ્હને આજેજ જણાયું. કપડાં ભીંજાયલાં હોવા છતાં, નેત્રદ્વારાએ અશ્રુબુંદ વરસાવી વધુ શાને ભીંજાવો છો ? એ તો કહ્યું છે કે ઘોડે ચઢે તે પડે ! હોય ત્હેમાં શું ! ?”

“ વાહ, વ્હાલા ! ઠીક બનાવો છો ? ! ! હું પાણીમાં પડી, અને મ્હારાં કપડાં ભીંજાયાં, તેથી શું હું રોઉં છું. ?”

“ ત્યારે શું ત્હમે હસો છો ? નેત્રોમાં પાણી તો ભરાઇ આવ્યું છે, છતાં હવે છૂપાવવા શાને ખાલી પ્રયત્ન કરો છો ?

“ વ્હાલા ! નેત્રોમાં પાણી તો શોકથી તેમજ હર્ષથી પણ આવે છે. આપના પ્રેમમય માર્મિક શબ્દોથી જે મ્હને ધીરજ આવી, ત્હેના આનંદથી નેત્રોમાં પાણી ભરાયું હશે ?”

“ ઠીક, ચાલો હવે ઉપર આવવું છે કે પાણીમાંજ રહેવું છે ?. જળની પ્રેમી માછલીઓ હમ્મેશાં જળમાંજ રહે છે. વ્હાલા પ્રેમી જનોને પાણીમાં રહેવું તે પણ યોગ્યજ છે.” ઠીક; લ્યો હવે હાથ પકડો નહીં તો વળી કંઇક મગર આવશે તો ઉપાધી થશે. બાળા પતિનો હાથ પકડી ફુટબોર્ડ ઉપર પગ મૂકી ડક્કા ઉપર” આવી–ભીંજાયલાં કપડાં નીચોવીને સાફ કરી નાંખ્યાં.

રાત્રીનો સમય હોવાથી, પતિ પત્નિનું ઉભય જોડું એક બીજાનો હાથ પકડી ઘર તરફ ચાલતું થયું.

બાળા પાણીથી ભીંજાયલી હોવાથા ધ્રૂજતે શરીરે લથડીય ખાતી, માંડમાંડ કીનારાનો ઘાટ વટાવી શહેરમાં દાખલ થઇ. થો-

ડેક દૂર જતાં બજારમાં ચાર રસ્તા આવ્યા. જેથી ઉભય જોડું એક ફાનસ નજીક ખચકાયું. બાળા ગભરાતી ગભરાતી ગળગળીત કંઠે બોલી.

"વ્હાલા શું કરો છો ?"

"રાતની સલામ" ....

"બસ !! વ્હાલા હજુ ક્યાં સુધી આવું રાખશો ?"

ઉંડો નિશ્વાસ નાંખી ઘણી દીલગીરી સાથે વિચારશીલ ચ્હેરે પતિએ જુવાબ આપ્યો.

"પ્રિયા ! જ્યા સુધી વડીલો માથે છે ત્યાં સુધી."

"વ્હાલા ! આપ પરતંત્રતામાં પણ પતિ ભક્તિનો મને જેટલો લાભ આપો છો, તેટલો લાભ ભાગ્યેજ આપણા જેવાં હીણુ ભાગી દંપતી એક બીજાને આપી શકતાં હશે ? આપ કુળવાન છો, ધારો તો એક ઉપર બીજી સ્ત્રી કરી શકવા સમર્થ છો. કુળવાન, સારી અને સુંદર કન્યાઓ, આપ માટે એક કરતાં અનેક તૈયાર છે. છતાં આપ મારા પ્રત્યે શુદ્ધ પ્રેમની મીઠી નજર રાખો છો, તેને માટે આ દાસી શું બદલો આપી શકશે ?"

"પ્રિયા, બદલો ! ! ! પતિ પત્નિ વચ્ચેના સ્નેહભાવનો બદલો ! હોયજ નહીં ! હું જે કંઇ કરૂંછું તે ત્હમારે માટે નહીં, પણ મ્હારે માટેજ છે. મ્હારા સુખને માટેજ છે. મ્હારો ધર્મ હું સારી રીતે સમજું છું, ત્હેમાં આપને ઉપકાર કરતોજ નથી. વળી હું કંઇ અજ્ઞાન નથી કે એક સ્ત્રીની હયાતી છતાં, ત્હેનાથી સુખ દુઃખનો લેશ પણ અનુભવ મેળવ્યા છતાં, કૂળની મીથ્યા મમતાથી એક ઉપર અનેક હાજર કરૂં. પ્રીયે ! જ્ઞાતિના નિર્દય રીવાજોથી જે પતિ પત્નિ પ્રત્યેના ધર્મો છે. તે કંઈ બદલાતા નથી.

દરેક જ્ઞાતિ જનો માટે તે ધર્મો તો એકજ છે. છતી આંખે અં-ધ બની અજ્ઞાનતાના પાટા બાંધી જે જે રીવાજો રચવામાં આવ્યા છે, તે દરેકને ગરીબથી અમીર પર્યંત નુકશાન કરતાજ જાય છે. રીવાજો રચનારને, અનુમોદન આપનારને, અને તે અમલમાં મૂક-નારને, હાથનાં કર્યાં હૈયે વાગ્યા માફક પોતાને હાથેજ કુહાડી માર્યા બરાબર થાય છે. પણ મીથ્યા કુળાભિમાનથી તેઓને કંઈ સુઝ પડતી નથી, અને અહંકારમાં તણાયા જાય છે. પોતાની પુત્રી પારકે ઘેર અને પારકી પુત્રી પોતાને ઘેર, ત્હેનો લેશ માત્ર પણ વિચાર સુઝતો નથી. કઢંગા રીવાજો જ્ઞાતિનું, તેમજ દે-શનું અહિતજ કરનાર છે. દુ:ખમાં ડુબાડનાર છે."

"પ્રાણેશ ! પ્રારબ્ધમાં લખ્યા પ્રમાણે હમેશાં બન્યાજ ક-રેછે. એમાં જ્ઞાતિનો, યા વડીલોનો, યા આપનો દોષ છેજ નહિં. પૂર્વ જન્મમા અનેકનાં સુખોમાં મ્હેં વિઘ્નો નાખી દુઃખો ઉત્પન્ન કર્યાં હશે. કે જેથી આ જન્મમાં મ્હારે ત્હેનો ભાગ લેવો પડેછે. પ્રાણ ! ન કહેવાના શબ્દો મારે અત્યારે કહેવા પડે છે, કે આપ હવે મ્હારાથી અળગા થાઓ. (સ્વગત) હાય ! જેને જરા પણ અલગ ન કરૂં, ત્હેને અત્યારે મ્હારે મ્હારા મુખેજ અલગ થવા સુચવવું પડે છે. પ્રાણ ! પધારો રાત ઘણી ગઇ છે. ઘેર માજી વાટ જોતાં હશે !"

"હા, વહાલી ! શોચ કરવા જેવું કાંઇ છેજ નહીં. વખ-તને અનુસરી અલગ થવુંજ જોઇએ."

એક બીજાના હાથમાં ચુમ્બન કરી બંને દંપતી એક બી-જાથી જૂદાં થયાં. સુગુણ ચાર પાંચ ડગલાં આગળ ચાલી કે તુર-

તજ થોભી, અને પાછું વાળી બોલી, ".હં...જરાક થોભો?"

"કેમ શું છે?"

"હં.., પણ ફરી હવે આપણે ક્યારે ભેગા થઈશું." સુગુણ સહજ હાસ્ય કરી લચકાતી કમ્મરે જરા નખરામાં બચકો ખાઇ બોલા.

"ફરીથી મળવાનો વખત નજદીકજ છે. પરમ દીવસે શિવરાત્રી છે, જેથી બદ્રીનાથ મહાદેવના શિવાલયમાં આપ દર્શનાર્થે પધારશો, તે વખતે હું ત્યાં આવીશ, અને આપણે એકમેક મળીશું. પણ ત્હમારાથી આવી શકાશે કે કેમ તે માટે બંદોબસ્ત કરી એક પત્ર મ્હને સ્કુલના સરનામે લખી મોકલશો."

"બહુજ સારૂં. હું અત્યારેજ જઇને પત્ર લખીશ કે આપને તે આવતી કાલે સ્હવારમાં પ્હેલીજ ડીલવરીમાં સ્કુલમાં મળી જશે."

વાંચક વૃંદ! આ જોડું કોણ હશે, અને શા કારણથી આવાં શુદ્ધ પ્રેમી હોવા છતાં અત્યારે જુદાં પડતાં હશે. જે તેઓના સંવાદ ઉપરથી સહજ સમજાયું તો હશે! છતાં જણાવવુ જોઇએ કે વાર્ત્તાના નાયક મી. રસીકલાલ તથા તેમની સાથે ત્હેમનાં પત્નીશ્રી સુગુણ કે જે અત્યારે પીયરનાંજ વાસી છે. તેમના લગ્ન પ્રસંગે જે કાંઇ પૈસા (અબાપ અથવા પ્હેરામણી) આપવાના હતા, તેમાં રસીકલાલના પિતા તરફથી વાંધો હતો, જેથી સુગુણને સાસરે તેડતા નહોતા; સુગુણના પિતા રસીકલાલની પ્હેરામણી સબંધી કાંઇ પણ સમાધાન કર્યા સિવાય દેવલોક પામ્યા હતા, જેથી તે ભાંજગડ આજ સુધી ચાલુજ હતી, અને

બિચારી સુગુણ બાળાને સાસરે જવા વખત આવ્યો નહોતો.* રસીકલાલ આ વિચારથી ઉલટો હોવાને લીધે તે પોતે પ્રીયાનો મેળાપ ખાનગી રીતે હર વખત કરતો અને આનંદ લેતો. વડીલોની શરમને લીધે તે ઘરમાં કાંઇપણ દબાણ કરી શકતો નહોતો.

બન્ને પ્રેમી જોડાં એક બીજાથી જુદાં પડયાં. રસીક ઉતાવળે પગે પોતાના ઘર તરફ વળ્યો. સુગુણ પણ ત્યાંથી ધ્રૂજતી ભીંજાયલે કપડે પીયર તરફ ચાલી. રાત્રીના સાડાનવ વાગી ગયા હતા. સુગુણને ઘેર સર્વે વાળુ પાણી કરી પરવાર્યાં હતાં જેથી સુગુણ છાનીમાની ઘરમાં દાખલ થઇ. પોતાની ન્હાની બ્હેનને મળીને બદલવાને માટે એક સાળુ માગી લીધો. માજી, ભાભી વિગેરે ઘરનાં બૈરાં બેઠાં હતાં, ત્યાં આગળ સુગુણ કપડાં બદલી ઠાવકું મોંઢું રાખી સર્વેની વચમાં આવી બેઠી. વૃદ્ધ માતા બોલી ઉઠયાં " સુગુણ ! જા જમીલે, રસોડામાં ત્હારા માટે ઢાંકી રાખ્યું છે. અમે સર્વેએતો જમી લીધું. જા ઉઠ."

માતાનો હુકમ થતાં સુગુણ ત્યાંથી ઉઠી, ન્હાની બ્હેનને ઇસારાથી સાથે બોલાવી, બન્ને બ્હેનો રસોડા તરફ ફાનસ લઇને ગયાં.

ન્હાની બ્હેન રસોડાના ઉમરા ઉપર બેઠી, અને સુગુણ જમવા બેઠી. જમતાં જમતાં સુગુણે ન્હાની બ્હેનને શીવરાત્રીને દિવસે પોતાની સાથે આવવાને તૈયાર થવા સારૂ લલચાવા માંડી, અને પોતાની ઉમેદ પાર પાડવા માંડી. " ન્હાની બ્હેન ! પરમ દિવસે જો શીવરાત્રી છે, તો તું મ્હારી સાથે બદ્રીનાથ મહાદેવ આવીશને ?"

* આજ કાલ કેટલેક ઠેકાણે આવા સંજોગોમાં આ પ્રમાણે બને છે.

"ના બ્હેન, મ્હારાથી એટલે બધે દૂર ચલાય નહીં, હું તો મા સાથે ચંદ્રેશ્વરના મંદિરે જઈશ. તું ત્હારે જવું હોય તો જજે."

"ગાંડીરે ગાંડી! બદ્રીનાથ ચંદ્રેશ્વરથી તે વળી કેટલા દૂર છે! આ રહ્યા! અહીંયાં નજીકમાંજ છે. આજે હું બદ્રીનાથ ગઇ હતી, અને ત્યહાં એવી તો જોવાની મઝા બનાવી છે કે કંઇ કહેવાની વાતજ નહીં. મ્હોટી ફૂલવાડી ભરી છે, રંગબેરંગી સાથીયા પૂર્યા છે. ઘીનો હોજ બનાવ્યો છે. પચરંગી દૂધના ફુવારા બનાવ્યા છે. બહુ બહુ જાતની જોવાની રચના આજથીજ ત્યહાં થવા લાગી છે. વળી દર વરસના કરતાં આ વર્ષે તો ઘણીજ જોવાની જુક્તિ છે."

"હેં હેં, બ્હેન! પચરંગી ફુવારો, તે દૂધનો વળી કેવો?"

"બ્હેન! ઘડી ઘડી વારમાં રંગ બદલાય અને પાણીની જગ્યાએ દૂધ ઉડે. હોજ તે પણ વળી ઘીનો!"

"ત્યહારે તો હું ત્યહાંજ આવીશ. નહીં ચલાય તો માજી પાસેથી ચાર આના લઇને ગાડી કરીશ, પણ ત્યહાંજ આવીશ."

"હા! જો તું ત્યહાંજ આવશે તો ગાડીના પૈસા પણ હું આપીશ, અને મેળામાંથી જે કહેશે તે લઇ આપીશ."

"હા, હા ત્યહારે તો હું ત્યહાંજ આવવાની. તું મ્હને જરૂર તેડી જજે."

આમ તેમ બન્ને બ્હેનો વાતચીત કરતી હતી. વાતો કરતાં કરતાં સુગુણ જમી રહી, અને પોતાનો આશય પાર પાડ્યો. રસોડું બંધ કરી પોતપોતાની સુવાની જગ્યાએ ચાલ્યાં ગયાં. હર્ષઘેલી સુગુણ પોતાની રૂમમાં ગઇ. શીવરાત્રીની મુલાકાતના શુભ સમાચાર પતિને જણાવવાના હર્ષ સાથે પત્ર લખી નોકર સાથે

તુરતજ પોષ્ટમાં નંખાવી દીધો. આનંદની રાત્રી ગુજારતી સુગુણ નીંદ્રાવશ થઇ ગઇ.

વાંચક ! સુગુણને સુખમાં સુવાડી આપણે જરા રસીકભાઇ તરફ લક્ષ આપીશું. રસીકભાઇ જલદીથી ઉતાવળે પગે ઘર તરફ આવ્યા. ભાઇની રાહ જોઇ માજી બેસી રહ્યાં હતાં. " હજી મ્હારો રસીક સ્કુલેથી કેમ નહીં આવ્યો હોય ! ક્યહાં ગયો હશે ! શું થયું હશે ! " આદી અનેક તર્કવિતર્કો કરતાં જમ્યા વિના ભૂખ્યા પેટે હીંડોળા ઉપર માજી નીંદ્રાવશ થઇ પડયાં હતાં. માજી માજી ! કરી બૂમ પાડતો રસીક મેડા ઉપર ચઢયો. નીંદ્રાવશ માતા રસીકની બૂમ સાંભળી ઝબકી જાગી ઉઠયાં, અને રસીકની કોટે બાઝી પડયાં. ગળગળીત કંઠે રસીકને કહેવા લાગ્યાં, " બેટા ! અત્યાર સુધી ક્યહાં ગયો હતો ? "

" માજી ! સ્કુલેથી સહજ મિત્રો સાથે નદી કીનારે ફરવા ગયો હતો. ત્યહાં વાર્તાલાપમાં વધુ વખત થઇ ગયો જેથી વાર થઇ માફ કરશો. "

" ચાલ, બેટા ! જમી લે, ત્હારી વાટ જોતી હું પણ જમ્યા વિનાનીજ છું. "

બન્ને મા દીકરો રસોડામાં વાળુ કરી અજીઠાં વાસણ નોકરને સોંપી પરવાર્યાં. પોતપોતાની સુવાની જગ્યાએ ચાલ્યાં ગયાં. **(માતાનો માત્સલ્ય પ્રેમ વૃદ્ધ વયે પણ ત્હેવોને ત્હેવોજ રહે છે. ગમે તેટલી ઉમ્મરનો પુત્ર ગમે ત્હેવો હોદ્દાદાર હોય તોપણ માતાને તે બાળક સમાનજ છે.)**

બીજે દિવસે ઉત્સાહભેર રસીકભાઇ જલ્દીથી જમી પરવારી

સ્કુલે જવા માટે ઘણાજ ઉતાવળા બની રહ્યા હતા. પણ કર્મ વશાત્ ઘેર મ્હેમાન આવેલા હોવાથી જમવાનું મોડું થયું જેથી ભાઇને સ્કુલે જવાને પણ વાર થઇ. સ્કુલમાં રસીકલાલ નટવરલાલ સ્ટેનન્ડઁ સીકસ્થના એડ્રેસનું કવર લેઇ પોષ્ટમેન બુમ મારતો હતો; ત્હાં ત્હેનો પત્તો નહીં લાગવાથી કલાસમાસ્તરે તે કવર લીધું અને પોષ્ટમેનને વિદાય કર્યો.

રસીકભાઈ ઉતાવળે જમી પરવારી સ્કુલમાં આવ્યા. પોષ્ટમેનની રાહ જોતા આમતેમ ફરતા હતા. સાડા અગીઆર થયા. ક્લાસમાં માસ્તર આવ્યા, ક્લાસ શરૂ થયો. છતાં ભાઇ તો પત્રની રાહ જોતા પોષ્ટમેનની તજવીજમાં હતા. જેને તેને પૂછ્યા કરે "પોષ્ટમેન આવી ગયો ? ટપાલ આવી ગઇ કે ?" એવા અનેક સવાલો પૂછતા રહે પણ કોઇબી સ્ટુડન્ટ ભાઇને સંતોષકારક જવાબ આપે નહીં. "હું નથી જાણતો. મ્હને કંઇ ખબર નથી." એવા અવળા જવાબો મળતા. કલાસ શરૂ થઈ ગયેલો હોવાથી અત્યંત દિલગીરી સાથે ભાઇને કલાસમાં બેસવું પડયું.

ભાઇને પત્ર ક્યાંથી મળે ?! તેતો આપણા ભગોર કંપનીના મેમ્બર માસ્તર સાહેબના હાથમાં ગયો હોવાથી રસીકભાઇની ઉમેદ ક્યહાંથી પાર પડે ? માસ્તર સાહેબે પોષ્ટમેન પાસેથી પત્ર લઇ ફોડી, અંદરથી પત્ર કાઢી વાંચ્યો. "પત્રનો શો ભાવાર્થ હશે ? એ સ્ત્રી કોણ હશે ? કેવી હશે ? રસીક જેવા વિદ્યાહીન નાદાન છોકરા સાથે ત્હેનો સંબંધ કેવો હશે ?" આદી અનેક પ્રશ્નો માસ્તર સાહેબના મનમાં ઉદ્ભવતા હતા. બી. એ. એલ એલ. બી ની પરીક્ષા પસાર કરેલી એવા વિદ્વાન શિરોમણી અત્યારે રસીકલાલના ગુરૂપદે વિરાજતા હોવા છતાં પોતે

કામાંધ પુરૂષની માફક કંઇ પણ વિચાર કર્યા સિવાય પત્રનો પ્રતિ ઉત્તર રસીકલાલના નામથીજ આપવાનું સાહસ કરવા વિચાર કર્યો. આનું કારણ એવુંજ હોવું જોઇએ કે માસ્તર સાહેબ પોતાની બદદાનતને લીધે "લબાહાં મારતાં" "કંઇ પડયું જડે" એવા વિચારથી આ યુક્તિ રચી હશે? પત્રનો જુવાબ રસીકલાલના નામથીજ અને તેવી સહી કરીને અપાઇ ચૂક્યો.

"વાંઢા વલખાં મારતા, પરણ્યા વીણુ જગમાંય;
પણ પરણેલા કૈક જન, પેટ ભરી પસ્તાય."

વિદ્વાન હોવા છતાં જ્ઞાતિના કઢંગા રીવાજોથી આટલી ઉમ્મરે પણ આપણા ભંગોર સાહેબ કન્યા પ્રાપ્ત કરી શક્યા નહોતા. અને તેથીજ હેમની આવી બદદાનત થઇ હોવી જોઇએ. દુનિયામાં જો દુષ્કૃત્ય કરનાર હોય તો વાંઢાઓજ છે કે જેઓનો વક્કર (ભાર) જ નથી. "વાંઢાનો વક્કર નહીં," એ કહેવત પણઆવા અનેક સંજોગોથી કહેવાતી હોય એમાં શક જેવું કંઇજ નથી.

ભંગોર સાહેબ અત્યારે મહદકાર્ય કરી મશગુલ બની વિચારના તરંગોમાં ગોથાં ખાતા આમ તેમ ફરતા હતા. તેમને બીલકુલ ચેન પડતું નહોતું. ચોવીસ કલાક વીતાવવા એ તેઓને ચોવીસ વર્ષ વીતાવવા સમ ભાસવા લાગ્યા. સ્થીતીમાં અનેક પ્રકારના ફેરફાર થવા લાગ્યા, અત્યારે તેમનું લક્ષ જુદાજ વિષય ઉપર હોવાથી સરસ્વતિ દેવીના શાન્ત સ્થાનમાં તેઓને કયેમે કર્યું ચેન પડતું નહોતું. આડાઅવળા ફરી માંડમાંડ કરી સ્કુલનો પાંચ કલાકનો વખત વીતાવ્યો, સ્કુલ છુટી એટલે પોતે પણ ઘર તરફ પધારવાને માટે ગોઠવણ કરવા માંડી.

નવીન જમાનાને અનુસરતો કોટ, પાટલુન, નેકટાઇ, કોલર આદી ભભકાદાર ડ્રેસથી હાથમાં સ્ટીક પકડી રોફબંધ વિચારમાં ને વિચારમાં ઘર તરફ ચાલતા થયા.

ઉદાસી રસીક સર્વ સ્ટુડન્ટો સાથ અનેક પ્રકારના ખોટા તર્કવિતર્કો બાંધતો ઘર તરફ ચાલતો થયો.

મીત્રો ! ! ભંગોર સાહેબની અત્યારે જુદા પ્રકારની સ્થીતી હતી, તેઓનું ચીત ભ્રમીત થઇ ગયું હતું છતાં ઉતાવળા ઉતાવળા ગભરાયલા સાંઢની માફક બજારના રસ્તા ઉપર આવી ચડયા. સાંજનો વખત હોવાથી દાણા બજારમાં અનેક માણસોની ગીડદી હતી. કેટલાક વેપારીઓ, દલાલો, તથા મજુરોની મેદની વચ્ચે માસ્તર સાહેબ ઉંચુ જોઈ રોફબંધ આવતા હોવાથી એક મજુરની સાથે તેઓનું ક્રોસીંગ થયું. (Lineclear) લાઇન કલીયર નહી હોવાથી મેલટ્રેન અને ગુડસનો ત્યાં આગળ ભારે (Accident) અકસીડન્ટ થયો, મજુરની ખાંધે ચોખાનો ચાર મણનો થેલો હોવાથી તે પડી ગયો, અને તેને પગમાં સહજ વાગ્યું, જેથી મજુર ઘણો ખીજવાઇ ગયો અને ગુસ્સાભેર માસ્તર સાહેબને ગાળીપ્રદાન કરવા મંડયો, સાંજના મેળામાં થયેલો આ એક નવીન તમાસો જોવાને અનેક માણસો ભરાઇ ગયાં. કેટલાક ભંગોર સાહેબની તરફેણનું બોલી મજુરને સમજાવે, તો કેટલાક મજુરવર્ગના માણસો તેમનો વાંક કાઢી તેમને ઠપકો આપે. “ શું ભાઇ આંધળા નહોતા કે આવડું મોટું પાંચફુટ ઉંચુ માણસ ન સુઝયું.” આવા અનેક શીખામણ લાયક વાકયો સાહેબને સાંભળવા પડતા જેથી પોતે ઘણાજ શરમાઇ ગયા, અને પોઝીશનમા વાંધો આવે, તે માટે એક શબ્દ પણ બોલ્યા સીવાય, જાણે કાંઇ સાંભળતાજ

નથી તે માફક બીચું જોઇ મુગેમહોડે ચુપચુપ ચાલતાજ થઇ ગયા, આ વખતે જો તેઓ કંઇક પણ મજુર સામે બોલ્યા હોત તો ત્યાં આગળ ભંગોર સાહેબના હાડકાં બોખરાં થાત એમાં શક જેવું નહોતું.

રસીક ભાઇ ઘેર જઇ હમેશના કરતાં જલ્દી વાળું કરી પોતાની સુવાની રૂમમાં જઇ સુઇ ગયો. સર્વ વાળુ કરી પરવાર્યા. વૃદ્ધ માતા પુત્રની પાસે જઇ તેની ખુશાલીના સમાચાર પુછી વાકેફ થઇ. સુવાનો વખત થયો એટલે દરેક સુવાની જગ્યાએ જઇ સુઇ ગયાં, બીજે દીવસે શીવરાત્રી હોવાથી બદ્રીનાથ જવાને માટે રસીકભાઇતો નારાજ હતા પણ ઇશ્વર ઇચ્છાએ સર્વ અનુકુળ થઇ રહ્યું. પીતાશ્રી તરફથી તેઓને બદ્રીનાથ જઈ આરતીમાં સવારૂપીયો ભેટ મુકવા જવાને માટે સુચવવામાં આવ્યું, જેથી પીતાશ્રીનો હુકમ માથે ચડાવી સાંજ પડી એટલે જવાને માટે તૈયારી કરી.

સુભાગી સુગુણ પણ ઉત્સાહભેર ઠાઠમાઠથી તૈયાર થઇ, પત્રમાં જણાવ્યા પ્રમાણે વખતસર જવાને માટે તજવીજ કરતી હતી.

ભગોર સાહેબ તો સાંજના પાંચ વાગવાની વાટ જોઇ રહ્યા હતા. પુરભભકાથી રોફબંધ તેઓ વખતસર સુગુણની વાટ જોતા શીવાલયના ફરતા મોટા ઓટલા ઉપર, લટકતા પગે બેઠા હતા. ભંગોર સાહેબ સુગુણને ફક્ત નામથીજ જાણતા હતા. જેથી કોઇ સ્ત્રી દરવાજામાં દાખલ થાય કે તરતજ ભાઈ ઉંચા નીચા થતા, અને મુછપર તાલ દેતા, ખાંખારા કરતા હતા, કેટલીક વખત તો કોઇ સ્વરૂપવાન સ્ત્રી જોઇ તેનું નામ ઠામ પુછવાનું પણ સાહસ કરી દેતા. તેમાં કવચિત કોઇ સુભાગીની પુષ્પવૃષ્ટિથી પણ વધાવી

લેતી, છતાં તેઓને કંઇ પોતાની મૂળ સ્થીતીનું ભાન થતું નહિ. એવામાં દર્શનાર્થે એક સુંદર સ્ત્રી ત્યાં આવી. તેને પણ પુછવાનું સાહસ કર્યું.

" આપનું નામ "?

" નામનું શું છે કામ "?

" કામ સહજ ?! વિચારશીલ ચ્હેરે સ્ત્રીએ પોતાનું નામ જણાવ્યું.

" મારૂં ના સુગુણબેન "

" ઓહો !! આપજ સુગુણબેન, વાહ !! (ઘડીયાળ જોઇને) સાડાપાંચને બદલે સાડાછો થઇ ગયા, શું આવોજ ભરોસો ? "

(ચમકીને આશ્ચર્ય પામી) "એ શું ? તમારા બોલવામાં મને કંઇ સમજાતું નથી."

"હવે શેનું સમજાય, મધુરીઓને મનમાન્યું માન મળવાથી તેઓ ભાવ ખાવાજાય છે તેથીજ તેઓનું માન ઘટે છે. પણ!"

" કહેવું તદન ખોટું છે ! તેથીજ તેઓનું માન વધે છે."

(સ્મીત હાસ્ય કરી) ઠીક !! હવે દર્શન કરી જલ્દી આવો, અને પત્રનો ખુલાસો મેળવવા એકાન્ત ચાલો "

(આશ્ચર્ય) એ શું ? " તમો કોઇ લુચ્ચા લાગોછો, પત્ર કેવો વાત કેવી, પારકી સ્ત્રીઓ સાથ વાત કરી તેઓને અણઘટતા શબ્દો કહેવાનું સાહસ કરતાં તમોને લાજ નથી આવતી, ધીક્કાર છે તમારા જેવા વિદ્વાન અંધાત્માઓને કે પારકી સ્ત્રીયો-પર બદદાનત કરી આવા આરોપ મુકોછો. "

" શું હું આરોપ મુકું છું ? પત્ર મારી પાસે મોજુદ છે. તેનો જવાબ આપેલો હોવાથીજ હું તારી સાથે વાત કરૂં છું.

સમજી ! નહિ તો તમારા જેવી નાદાન સ્ત્રીયો સાથ વાત કરવાને તો શું પણ સામું જોવાને પણ કોણ નવરૂં છે. "

ગુસ્સાભેર ભંગોર સાહેબે સ્ફોટ કર્યો જેથી આજુબાજુથી પાંચપચીસ માણસ દોડી આવ્યાં. કોલાહલ થઇ રહ્યો. વરઘોડો નીકળાની તૈયારી હતી. પણ પોતે આ સમયે સમયસુચકતા વાપરી ત્યાંથી પલાયન કરી ગયા. જેથી દાવ ફાવી ગયા નહીતો પુરી ફજેતી ત્યાંજ લુંટાત. ભંગોરભાઇ રફુચક્કર ! !

સુગુણ નાની બેન સાથે ઘોડાગાડીમાં બેશી વખતાસર ત્યાં આવી ચુકી હતી. રસીક પણ સર્વના પહેલો આવી બહાર બગીચાની અંદર એક બેન્ચ ઉપર બેઠો હતો, નાની બેને સમયસૂચકતા વાપરી પોતાની બેનની ઉમેદ બર લાવવા બગીચામાં ફરવા ચાલી ગઇ. જેથી સુગુણ અને રસીક બન્ને પ્રેમી જોડાંઓની મનવાંચ્છના પૂર્ણ થઇ. એકબીજાને પ્રેમી જોડાં મળ્યાં, આનંદમાં વૃદ્ધિ થઇ. પ્રેમીઓનું અંતઃકરણ સદા નીર્મળ હોય છે, નીર્મળ અંતઃકર્ણથી બન્ને દંપતી યુગલ હાસ્યવીનોદની વાતો કરતું બગીચાની બેન્ચ આગળ અત્યંત નીર્મળ પ્રેમનો ભાવ ભજવતું બેઠું હતું, અને વાર્તાવિનોદ કરતું હતું.

" સુગુણ તારા સ્મિતહાસ્થથી મને અત્યંત આનંદ પ્રાપ્ત થાય છે, કે જેથી હું તને ઘડીપણ વિસરી શકતોજ નથી. "

પ્રાણેશ ! ! મારા કરતાં આપ એ વિદ્યામાં કુશળછો, કે જે આપની આનંદ પ્રદર્શીત મનોહર મુર્તિ મારા હૃદયમંથી જરાપણ ખસતીજ નથી. " (વાત કરતાં કરતાં રસીકે સુગુણને સહજ કેડમાં ચુંટી દીધી) જેથી એ હાથજોડી સ્મીતહાસ્ય કરતી સુગુણ પતીને કહેવા લાગી.

વાહ !! ખુબ કરી, એ પણ એક આનંદમાં વૃદ્ધિ કરનારજ છે. (વળી ફરીથી ચુંટી દેતાં કેડ મરડી ભમર ચડાવી બોલી) બસ ! ! ઘડી ઘડી હોય કે ? રંગનાં તે કુંડાં હોતાં હશે કે ? વાહ!! વ્હાલી આ શું કરો છો. મન માગ્યા દાન તો દેવાતાં નથી અને આ નકામું ધાંધળ શું મચાવો છો !!

"વાહરે !! મધુરી. દાના સજ્જનોને દાન દેવાની નવાઇજ નથી !! કહે કેવા પ્રકારના દાનની ઇચ્છા છે ?"

પ્રાણેશ !! "સજ્જન પુરૂષો પોતાની સજ્જનતામાં રહે છે. દાન દેતાં પહેલાં તે આપી શકશે કે કેમ તેનો વિચાર કર્યો છે ?"

"હા, સર્વ વાતનો વિચાર કરેલોજ છે."

પ્રાણેશ, "આ તૃષાતુર ગુલાબી અધરોષ્ટને એકવાર પ્રેમામૃત પાઇ તૃપ્ત કરો."

"એકવાર નહિ પણ પ્રીયે બેવાર વધુમાં આ તારા ગુલાબી ગાલ કે જે મારા ઓષ્ટ તરફ ઉંચા થઇ થઇને જોયા રહે છે તેને પણ અત્યંત સ્નેહપૂર્વક આલીંગન આપીશ. અને તૃપ્ત કરીશ" એમ કહી આલીંગન આપી તેની વાંચ્છના પૂર્ણ કરી. બન્ને પ્રેમી જોડું એકમેક આનંદ ભોગવતું હતું એવામાં આપણા ભંગોર સાહેબ તે તરફજ આવી ચડયા. જેથી રંગમાં ભંગ થયો. બન્ને એકબીજાથી દુર જઇ બેઠાં. રસીકને કોઇ સ્ત્રી સાથ બેઠેલો જોઇ ભાઇનો તો પીત્તો ખસીજ ગયો અને ખાત્રી થઇ કે આજ પત્ર લખનાર એ રંડા હોવી જોઇએ. માટે ચાલ હવે તો તેની તથા રસીકની પુરેપુરી ફજેત કરી પાર પહોંચાડું, એમ વીચારમાં પોતેશ્રી જ્યાં રસીક તથા સુગુણ બેઠાં હતાં ત્યાં આગળ આવી ચડયા અને રોફબંધ રસીકને ધમકાવવા માંડયાં. —અપૂર્ણ.—

" માતા કે બેન. "

(લેખક કોકિલ)

સમય સાંજનો છે. ભગવાન્ સૂર્યનારાયણ પશ્ચિમ દીશામાં પોતાના તેજ વિહીન કિરણોથી ધરણીને આચ્છાદિત કરતા કરતા શનૈઃ શનૈઃ અસ્ત થઇ ગયા. આકાશમાંની નિર્મળતા અત્યારે સૃષ્ટિ સૌન્દર્યમાં ઉમેલન કરી અધિક આહ્લાદ ઉપજાવતી હતી. વિધવિધ રંગથી રાત્રિનું આગમન સૂચવતી સંધ્યા દેવી પધારી. નભક્ષેત્રમાં તારક કુસુમો ખીલવા લાગ્યાં. સ્થળે સ્થળે દિપક જ્યોતિનો પ્રકાશ દૃષ્ટિગોચર થવા લાગ્યો. બંગલાઓ અને ભવ્ય હવેલીયોમાંથી પ્રકાશનાં કિરણો બહાર નાશી આવી રસ્તાના જનાર ઉપર પોતાનું તેજ અજમાવતાં હતાં. મનુષ્ય વર્ગ પ્રવૃત્તિમાંથી નિવૃત્ત બની ગૃહ તરફ પ્રયાણ કરતો હતો. રસ્તા ઉપર આવેલી દુકાનોમાં આપ લેની ધમાલ ચાલતી હતી. મુખ્યત્વે કરીને પાન, બીડી, અને ચ્હા વાળાઓની દુકાનો આગલ ગિરદી વિશેષ જણાતી હતી.

આ સમયે એક ભરયૌવન બાલિકા એક ભાડુતી ગાડીમાં બેસી " ઓલીફન્ટ " રોડ ઉપર પસાર થતી હતી. એ બાલિકા કોણ ? વાંચકવૃંદ જો તારે જાણવુંજ હોય તો તું પણ અમારી સાથે ચાલ. ગાડી ધીમે ધીમે એક બંગલા પાસે આવી ઉભી રહી. ગાડીવાને દ્વાર ખોલ્યું. બાલિકા નીચે ઉતરી. ગાડીવાનને ભાડાના પૈસા ચુકવી આપ્યા. ગાડીવાન કુરનશ બજાવી ગાડી લઇ ચાલતો થયો. બાલિકા હસ્તે વદને બંગલામાં દાખલ થઈ. ધીરે ધીરે અંદરના ઓરડામાં પ્રવેશ કર્યો. પરંતુ ત્યાં કોઇને નહી જોવાથી તે બહાર

આવી. મ્હોટેથી તેણે "મોતી, મોતી." એમ બે ત્રણ વાર બુમ પાડી. મોતી દોડતો આવ્યો.

"નવી બા ક્યાં ગયાં છે ? મોતી !" બાલિકાએ મોતીને પ્રશ્ન કર્યો.

"વિજયા બ્હેન! બા સાહેબ હમણાંજ બહાર ગયાં છે. તેમણે કહ્યું છે કે હું જરા મોડી આવીશ."

બાલિકા કાંઇ બોલી નહી. અલ્પ સમય વિચારગ્રસ્ત હોય તેમ સ્તબ્ધ બની ઉભી રહી. અંતે નોકરને "સારૂં" કહી અંદર ગઇ. મોતી પોતાની ઓરડીએ ચાલ્યો ગયો. વિજયા રસોડામાં ગઇ. ત્યાં ભોજન સામગ્રી તૈયાર જોઈ મેડી પર ચાલતી થઇ.

વાંચક બંધુ ! આપણે વાર્તા આગળ શરૂ કરતા પહેલાં બંગલાની કાંઇક બીના જાણવી જોઇએ. બંગલાની આસપાસ નાની પુષ્પવાટિકા હતી. તેમાં વિધવિધ જાતનાં ફુલઝાડનાં કુંડાં, સુશોભીત લીંબુ દાડમ આદિ અનેક અશોક વૃક્ષો હતાં. વાટિકાની સુંદરતામાં કદળીસ્થંભો (કેળો) વિસ્તીર્ણ ઘટાથી અભિવૃદ્ધિ કરતાં હતાં. વાટિકાને ફરતો નાનો સરખો કોટ હતો. બંગલાની જમણી બાજુ ઉપર એક તબેલો તથા બે નાની સરખી નોકરોને રહેવાને માટે કોટડીઓ હતી. એમાંની એકમાં મોતી તેની સ્ત્રી બાળકો સાથ રહેતો હતો. બંગલાની બાંધણી નવા જમાનાને અનુસરતી હતી. બંગલામાં નીચે બે મોટા હોલ હતા. દરેક હોલની બાજુએ નાની બે બે ઓરડીઓ હતી. તેમાંથી એક રસોડા તરીકે, એક કોઠાર તરીકે એક દેવાલય તરીકે અને એક બાથરૂમ તરીકે વપરાતી હતી. આગલાજ ભાગમાંથી મેડી ઉપર જવાને સીડી હતી. મેડી ઉપર માત્ર એક મીડલહોલ હતો જે બેઠક તરીકે વપરાતો

હતો. એની ચાર બાજુએ ચાર રૂમ હતા. તે દરેકને ખાનગી રૂમ તરીકે સોંપવામાં આવ્યા હતા

બંગલાની છેક ઉપરના ભાગમાં અગાશી હતી. ઉષ્ણકાળમાં સાંજના સમયે આખું કુટુંબ આરામ લેતું હતું.

બેઠકમાં જમીન ઉપર એક મોટી બુરાનપુરી શેતરંજી પાથરેલી હતી. મધ્યમાં એક મોટું ગોળ ટેબલ પડયું હતું. તેની આસપાસ બેન્ટવુડની છ સાત ખુરશીયો પડેલી હતી. બેઠકની શોભામાં અત્યારે એક હેન્ગીંગલેમ્પ વૃદ્ધિ કરતું હતું

વિજયા બેઠકમાં થઇ પોતાની રૂમમાં ગઇ. કપડાં બદલી નાખ્યાં અને ખુરસી બારી આગળ લાવી રસ્તા ઉપર નજર કરતી બેઠી અત્યારે તેનું મન તરંગમય દીસતું હતું. તેનું હૃદય હર્ષોર્મિથી છલકાતું જણાતું હતું. પોતાના તરંગોને બહાર કાઢવાને તે બારી પાસે બેઠી બેઠી પોતાની નવી માતાની રાહ જોતી હતી.

વિજયાનું વય હાલ ચૌદ વર્ષનું હતું. તેનું વય દશ વર્ષનું હતું ત્યારે તેને, તેના ભાઇને, અને તેના પીતાને શોકસમુદ્રમાં મુકી તેની માતા સરલા સ્વર્ગનુ અનુપમ સુખ ભોગવવા ચાલી ગઈ હતી. તેને પોતાની માતાની ખોટ વધુ લાગતી, પરંતુ શું કરે ? શોકનો ઉભરો એકાંતમાં અશ્રુદ્વારા કાઢતી. તેના પિતાને આશલ્ય ઘણું સાલતું. ધીરે ધીરે તે વાતને એક બે વર્ષ થઇ ગયાં. સમયની સાથે શેઠનો શોક પણ ચાલ્યો ગયો, અને શેઠ પુનઃ ગૃસ્થાશ્રમી બન્યા. વિજયાની નવીમાતા વિમળાગૌરી એક આબરૂદાર ગૃહસ્થની પુત્રી થતાં હતાં. વિજયા કરતાં વિમળા પાંચ વર્ષે મોટી હતી. વિજયા સાથે તે ઘણીજ સ્નેહ રાખતી અને તેને માતાની ખોટ

લાગવા દેતી ન હતી. વિજ્યા પણ તેનેજ માતા સમાન ગણતી, તેની સાથે સદા સ્નેહથી વર્તતી, અને પુત્રીવત્ સદા પ્રેમથી બેસી વાર્તાલાપ કરતી તેની સાથે વિજયા અને વિમળા અતી દૃઢ સ્નેહથી બંધાયાં હતાં. વિમળાની ઉમ્મર વિજ્યા કરતાં જો કે મોટી હતી તોપણ જાણે ઉભય સખીયો ન હોય તેમ હળીમળીને રહેતાં. કોઇ કોઇને કદી કટુ વચન કહેતાં નહિ. વિજ્યા અને વિમળા બન્ને એકજ સ્કુલમાં ભણતાં હતાં. વિમળા પોતાના લગ્ન પછી ઉઠી ગઇ હતી, ને વિજ્યાનો અભ્યાસ હજી ચાલુ હતો. વિમળા તેને અભ્યાસમાં પણ સાહ્ય કરતી અને તેને ઉત્સાહી બનાવતી વિજ્યાએ હાલ ગુજરાતી સાત ચોપડીયો પુરી કરી ઇંગ્રેજી ભાષાનું જ્ઞાન સંપાદન કરવા ઇંગ્રેજી અભ્યાસ શરૂ કર્યો હતો. આજ વર્ષે તે ઇંગ્રેજી ફોર્થસ્ટેન્ડર્ડમાં આવી હતી. તેણે સેકન્ડ લેંગ્વેજમાં સંસ્કૃત લીધું હતું. ગુજરાતી પાંચમી ચોપડીમાં હતી ત્યારથીજ તેણે સંસ્કૃતનો અભ્યાસ શરૂ કર્યો હતો. આ સમયમાં તો તેણે મહાકવી કાળીદાસ વિરચિત શાકુન્તલ અને મેઘદુત ત્રણચાર વખત વાંચી નાખ્યું હતું.

વિજયાનો ભાઈ વસંત હાલ મુંબાઇ એલફીન્સ્ટન કોલેજમાં ઇન્ટરનો અભ્યાસ કરતો હતો.

વિજયા પોતાની નવી માતાની રાહ જોઇ થાકી. હજી સુધી તેની નવી માતા ન આવી. આથી તે આકુળ વ્યાકુળ થવા લાગી. ખુરશી ઉપરથી તે ટેબલ પાસે ગઇ ટેબલપર પડેલી ઘડીયાળમાં જોયું તો સાડા સાત થઇ ગયા હતા. વિજયાની બેચેની વધતી ગઇ. બંગલામાં અત્યારે તે એકલીજ હતી. તેના પીતા પ્રમોદરાય બે દીવસ થયાં કાંઇ કાર્યવશાત્ મુંબાઇ ગયા હતા.

તેની નવી માતા પોતાને પીયર ગઇ હતી. વિજયા એકલી અમુ-ઝાવા લાગી. ટેબલપરથી પુસ્તક લઇ વાંચવા માંડયું પણ તેમાં ચિત્ત ગોઠયું નહિ; પુનઃ બારી પાસે આવી રસ્તા ઉપર આતુર દષ્ટિથી જોવા લાગી. એવામાં દુરથી ગાડીનો અવાજ સાંભળ્યો. તેના વદનપર સ્મિતહાસ્ય પ્રસરી રહ્યું. તેના હૃદયમાં હર્ષતરંગો ઉભરાવા લાગ્યા. ગાડી દરવાજામાં થઇ અંદર બંગલા સમીપ આવી ઉભી રહી. વિજયા હર્ષપૂર્ણ હૃદયે પોતાની નવી માતાને મળવા નીચે દોડી ગઇ.

વિજયા નિચે આવી. વિમળા ગાડીમાંથી બહાર આવી કે વિજયા ગુસ્સાથી બોલી, " વિમળા બા ! આટલી બધી વાર ? હું એકલી છું તે નહોતાં જાણતાં ? "

" હા બ્હેન, જાણતી હતી " વિમળાએ સ્મિત હાસ્યથી મુખ મલકાવી પ્રત્યુત્તર દીધો.

" જાણતાં હતાં ત્યારેજ આટલાં મોડાંને ? " વિજયાએ હસતાં હસતાં વિમળાના બરડામાં ધીમેથી લાડ ભર્યો હસ્ત પ્ર-હાર કરતાં કહ્યું.

વિમળા હસી પડી. વિમળા અને વિજયાએ એક બીજાના હસ્ત પકડી બંગલામાં પ્રવેશ કર્યો. ઉભય એક માતાના ઉદરથી ઉત્પન્ન થયેલ ભગિનીઓ ન હોય તેવાં દિસતાં હતાં. બંને મેડી ઉપર ગયાં. વિજયા પોતાની ઓરડીમાં કંઇક વસ્તુ લેવા ચાલી ગઇ. આ સમયમાં વિમળા પણ પોતાની ઓરડીમાં જઇ કપડાં બદલી હોલમાં આવી. વિજયાને ત્યાં ન જોતાં તરતજ બુમ પાડી. " વિજયા કેમ શું કરે છે ? " " આવું છું " એવો પ્ર-

ત્યુત્તર વિજયાની ઓરડીમાંથી આવ્યો. અલ્પ સમયમાં વિજયા પ્રફુલ્લીત વદને હસતી હસતી બેઠકમાં આવી. મા દીકરી ટેબલ પાસે પડેલી ખુરશીયો ઉપર સામસામાં બેઠાં. અલ્પ સમય ઉભયમાંથી કોઇ કાંઈ પણ બોલ્યુંજ નહીં. અંતે વિમળાએ શાન્ત પ્રકૃતિનો ભંગ કર્યો.

"વિજયા તું જમી?"

"ના હું નથી જમી. આપણે હવે સાથે જમી લઇશું."

"મોતીએ તને નહોતું કહ્યું કે હું મોડી આવવાની છું?"

"હા મોતીએ કહ્યું તો હતું પણ મને એકલાં કેમ ભાવે? તમારી કયારની રાહ જોતી હતી પરંતું તમો તો આવોજ શાનાં મારા મનમાં તો જાણે વિમળાબા આવે ત્યારે તેમની સાથે ખૂબ લડું હસતાં હસતાં વિજયા બોલી."

"આ તારી વિમળા બા, લે" લડી લે, હસતે વદને વિમળાએ પણ પ્રત્યુત્તર આપ્યો."

"અરે વિમળાબા! મારા મનમાં તો એવુંજ થતું હતું. બોલો હવે શી શીક્ષા કરૂં?"

"તારી ધ્યાનમાં આવે તે" પ્રત્યુત્તર મળ્યો.

હાસ્ય કરતાં વિમળાના બરડામાં હસ્ત પ્રહાર કરતાં બોલી "હો ત્યારે હવેથી આટલું મોડું કરસો નહિ હો."

વિજયાએ જાણે પોતે વિમલાની વડિલ ભગિની હોય તેમ તેને હાસ્યથી શિક્ષા કરી. વિમળાએ સ્મિત હાસ્યથી પોતાની પુત્રીની શિક્ષા સ્વીકારી, વિજયાના મનનું મૃદુ શબ્દોથી શાન્ત્વન કર્યું. ઉભય જમવા માટે નીચે ઉતર્યા.

રસોડામાં બે પાટલા ગોઠવેલા હતા. એક ઉપર વિજયાએ અને બીજા ઉપર વિમળાએ આસન લીધું. વિમળાએ થાળીઓ પિરસી. અલ્પ સમયમાં બન્નેયે ક્ષુધા શાન્તવન કર્યું. વિજયાએ જીવીને બુમ પાડી.

" આવી બ્હેન " જીવીએ મોટેથી પોતાની ઓરડીમાંથી જવાબ આપ્યો. જીવીએ આવી વાસણ માંજી રસોડુ સાફ કર્યું તે દરમ્યાન વિજયા અને વિમળા બન્ને આગલા ખંડમાં હિંડોળે બેસી આરામ લેવા લાગ્યાં.

" વિમળા બા ! આજે મુંબાઇથી ભાઇનો કાગળ આવ્યો છે " વિજયા એ વાતે વાત પોતાની વાત ઉપાડી.

" ક્યારે આવ્યો ? મને અત્યાર સુધી કેમ ન કહ્યુ " વિમ· ળાએ પ્રશ્ન કર્યો.

"પત્ર તો મારી બેનપણી જ્યોત્સ્નાએ આજેજ મને આપ્યો. તે થોડા દિવસ ઉપર મુંબાઈ ગઈ હતી. તે કાલેજ પાછી આવી ભાઇ એને મળ્યા હશે અને તેની સાથે કાગળ મોકલાવ્યો હશે." વિજયા ખુલાસો કરતાં બોલી. "

" કાલે અહીં આવી અને પત્ર આપી જવાની જરા પણ એને ફુરસદ ન મળી ? વિમળાએ પૂછ્યું. "

" તે અહિં કાલે રાત્રેજ આવી. એટલે તેણે આજે સ્કુલમાં મને કાગળ આપ્યો, જુઓ આ રહ્યો ભાઇના પત્ર. મારા મનમાં તો ક્યારે વિમળાબા આવે અને પત્ર બતાવું પણ તમો તો આવોજ શાનાં;" વિજયા વસંતનો પત્ર બતાવતાં બોલી.

" બ્હેન મોડી આવી તે ક્ષમાકર. મારે પીયર જરા કામ

હતું તેથી વાર થઇ, હવેથી કદી મોડુ નહિ થાય. લાવ જોઇએ ભાઇએ શું લખ્યું છે"

વિજયાએ પત્ર વિમળાના હસ્તમાં આપ્યો. વિમળા પત્ર વાંચવા લાગી.

મુંબાઇ એલફીન્સ્ટન કૉલેજ રેસીડેન્સી
રૂમ. નં. તા. – –૧૧

પરમપુજ્ય માતુશ્રી વિમળાબા તથા બ્હેન વિજયા
લી. આ. સે. વસંત ના સવિનય પ્રણામ.

હું આપ સર્વના પુણ્ય પ્રતાપથી કુશળ છું. આપના તરફથી હાલમાં બીલકુલ પત્ર નથી તે લખવા કૃપા કરશો. મારા પિતાશ્રી હજી ત્યાં થોડા દિવસ વધુ રોકાશે. હું તેમને દરરોજ સાંજે મળવા જાઉંછું. અમારી છમાસીક પરીક્ષાના માત્ર દશ દિવસ રહ્યા છે. પરીક્ષા પછી આપની પુનિત મુર્તિઓનાં દર્શનાર્થે હું ત્યાં આવીશ. પત્ર સંભાળીને લખશો. એજ.

લી. આપનો આજ્ઞાંકિત વસંત.

પત્ર વાંચી વિમળાએ વિજયાને પ્રશ્ન કર્યો કેમ વિજયા મેં ભાઇને કાગળ લખવાનું તને કહ્યું હતું તે ન લખ્યો ? આવા કામમાં કદી ઢીલ ન કરીએ. એના મનમાં એમ ન થાય કે મારી ખરી જનેતા નથી ત્યારેજને પત્ર ન લખ્યો ?

" જનેતા " શબ્દ સાંભળતાંજ વિજયાને પોતાની મૃત માતા સાંભરી, તેની સમક્ષ આવી મૃત માતાની મૂર્તી

ખડી થઈ. ભાઇનો પત્ર બતાવતાં તેના મનમાં જે હર્ષ હતો તે બદલાઇ ગયો. તેનું તે સમયનું સ્મિત ભર્યું સુંદર વદન હાલ તેની જનેતાની સ્મૃતિ આવતાં ગમગીન અને કરમાયલું દીસવા લાગ્યું. તે જાણે. "માતા ! મારી વ્હાલી માતા ! તું મને ત્યજીને ક્યાં ગઇ." એમ સંબોધતી હોય તેમ જણાતી. તેના નયનોમાંથી અનવરત અશ્રુધારા ચાલવા લાગી. તેનાં અશ્રુ પૂર્ણ લોચનો જોઇ વિમળાનું હૃદય પણ ગળગળીત થઇ ગયું. "શું હું વિજ્યા અને વસંતને મારાં ઉદરના બાળક સમ નથી માનતી ! હું તેમને મારાંજ ધારૂં છું, કદી ઓછું આવવા દેતીજ નથી. છતાં વિજ્યા આજે શાને રડતી હશે ?" વિગેરે મનસ્વી તરંગો હૃદયમાં તોફાન મચાવવા લાગ્યા. વિજયાની અગમ્ય સ્થિતિને તેનાથી અલ્પ પણ સમજાઇ નહિ. ભોળી બિ. ચારી વિમળા ! તેને શું ખબર કે બાળકને પોતાની ખરી જનેતા સમ અન્ય કોઈ અધીક વ્હાલું હોતું નથી ?

" વિજ્યા ! વિજ્યા ! તું રડ નહિ. હું તને વઢી નથી ને શા માટે આમ રડે છે? " વિજયાને પોતાના હૈયાસાથ દાબતાં અશ્રુલુછતી વિમળા પુછવા લાગી.

' ના બા કશુંય નથી " વિજ્યા ડુસકાં ભરતી બોલી.

" ત્યારે શું મારાથી તું છાનું રાખશે ? બેન વિજ્યા તું એમ ન ધારતી કે, હું તારી નવી ઓરમાન માતા છું. હું તો તને અને વસંતને મારાં પેટનાંજ છોરૂ સમાન માનુંછું," વિમળા બોલી.

(અપૂર્ણ.)